**વંચાણ** :–કુલસચિવશ્રીના જાહેરનામુ નં. ન.કૃ.યુ./રજી/એકેડેમીક/૧૨૮૪–૧૩૨૩/૨૦૧૬ તા.૦૨/૦૯/૨૦૧૬

# પરિપત્ર

આથી અત્રેની કૃષિ મહાવિદ્યાલયના અનુસ્નાતક અભ્યાસક્રમ સાથે સંકળાયેલ તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ મુખ્ય માર્ગદર્શકશ્રીઓને જણાવવાનું કે, કુલસચિવશ્રી નવસારી કૃષિ યુવિર્સિટી, નવસારીના ઉપરોકત વંચાણમાં લીધેલ જાહેરનામા માં ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓના અનુસ્નાતક અભ્યાસક્રમોના કોમન એકેડેમીક વિનિયમોના નિયમ **૪૬.૨** મુજબ વિદ્યાર્થીઓની પ્રિલિમનરી પરીક્ષાની વાયવાની તારીખ બાદ ઓછામાં ઓછુ એક માસ બાદ કચ્ચા બાઉન્ડ થીસીસ સબમીટ કરી શકાય છે. નીચે સહી કરનારના ધ્યાનમાં આવેલ છે કે, અમુક માર્ગદર્શકશ્રીઓ થીસીસ પેનલ દરખાસ્તમાં થીસીસ સબમીશનની તારીખ પ્રિલિમનરી વાયવા થઈ ગયા પછીની એક માસની અંદરની આપે છે જે ખરેખર ખોટુ છે માટે પાછળથી કોઈ પશ્ન ઉભા ન થાય તે માટે માર્ગદર્શકશ્રીઓને ખાસ જણાવવાનું કે, આપના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની થીસીસ પેનલ દરખાસ્તની પ્રપોઝલમાં ગણત્રી કરીને જ કચ્ચા બાઉન્ડ થીસીસ કયારે સબમીટ કરવાની થાય છે. તેની સ્પષ્ટ તારીખ દર્શાવવી જેથી કોઈ વિસંગતતા રહે નહિં.

**ઉપરોકત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા સૂચના આપવામાં આવે.**

જા.નં.એસીએન/સી.૩/ ૫૪૮૯–૫૦૪ /૨૦૧૭
નવસારી.તા. ૨૨–૦૩–૨૦૧૭

**આચાર્ય**
ન.મ.કૃષિ મહાવિદ્યાલય
નવસારી

**નકલ રવાના :–**

(૧) અત્રેની કચેરીના તમામ વિભાગીય વડાશ્રીઓને પી.જી. મેજર ગાઈડ તરફ જાણ તેમજ અમલ કરવા જણાવવા સારુ.

(૨) નોટીશબોર્ડ કોલેજ / હોસ્ટેલ તરફ તમામ અનુસ્નાતક વિદ્યાર્થીઓની જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ સવિનય રવાના :–**

(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

(૨) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.